# 49

## ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવા બાબત

* 15/4/638 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર): "પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪–૦૩–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૩૮૩(અગ્રતા–૨) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કેઃ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસીડી મેળવવાની ૧૨૮ અરજીઓ પડતર હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલા નિર્માતાઓને કેટલી ફિલ્મોમાં સબસીડી ચૂકવવાની આવી, | (૧) ૬૦ નિર્માતાઓને ૬૦ ફિલ્મોમાં સબસીડી ચૂકવવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસીડી મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) ૫૪ અરજીઓ. |
| (૩) ઉકત પડતર અરજીઓમાં કયાં સુધીમાં સબસીડી ચૂકવવામાં આવશે? | (૩) ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આર્થિક સહાય મેળવવા અંગેની અરજીની પ્રાપ્તિ તથા તે અન્વયે સબસીડીની ચૂકવણી એ નિરંતર ચાલતી પ્રક્રિયા હોઇ, અરજીઓની પાત્રતા અને ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઇને પડતર અરજીઓનો નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. |

------------------